





# દાન : પરંપરા નહીં, જવાબદારી!

**દાનેન તુ ઈદં સર્વ જગત તિષ્ઠતિ શાશ્વતમ્ |**
દાનના કારણે જ આ સમગ્ર જગત ટકેલું છે.

ભારતીય સંસ્કૃતિમાં 'દાન' માત્ર ધાર્મિક વિધિ નથી પરંતુ સમાજને જોડતું એક મૌન સૂત્ર છે. જ્યારે માણસ પાસે જે છે તેમાંથી થોડું પણ બીજાને આપે છે ત્યારે તે માત્ર વસ્તુ નથી આપતો- તે વિશ્વાસ, કરુણા અને માનવતાનો સંદેશ આપે છે. ઉત્તરાયણ જેવાં પર્વો પર દાનનું વિશેષ મહત્ત્વ દર્શાવાયું છે કારણ કે આ સમય માત્ર ઋતુ પરિવર્તનનો નથી પરંતુ વિચાર પરિવર્તનનો છે. સૂર્ય જ્યારે ઉત્તર દિશામાં ગતિ કરે છે ત્યારે માનવને પણ પોતાના વિચારોને ઊંચા લઇ જવાની પ્રેરણા મળે છે.

ખરું જોતાં, દાન માત્ર પુણ્ય નથી કમાવી આપતું પરંતુ સમાજમાં સમતોલતા લાવે છે. આજના સમયમાં દાનને ઘણી વાર પૈસાથી જ તોલવામાં આવે છે પરંતુ સાચું દાન હંમેશાં નાણાં સાથે જોડાયેલું હોવું જરૂરી નથી. કોઈ ભૂખ્યાને ભોજન આપવું, કોઈને સમય આપવો, કોઈના દુઃખમાં મૌન સાથ આપવો, બાળકને રમકડાં આપવા, જરૂરિયાતમંદને વસ્ત્રો આપવાં, આપણી પાસે નકામી પડી રહેલી પણ અન્યને કામ લાગે તેવી વસ્તુઓનું વિતરણ કરવું- આ બધું પણ દાન જ છે. દાનનો આધાર મૂલ્ય પર છે, માત્ર મૂડી પર નહીં. **સમાજમાં વધતી અસમાનતા, એકલતા અને અસહિષ્ણુતા સામે દાન એક નરમ પરંતુ અસરકારક જવાબ છે.** જ્યાં દાનની ભાવના જીવંત હોય છે ત્યાં ઈર્ષ્યા ઓછી થાય છે અને સહઅસ્તિત્વ મજબૂત બને છે. **આપનાર માટે દાન ગૌરવ છે તો સ્વીકારનાર માટે આશા.** મનોચિકિત્સકો પણ માને છે કે નિઃસ્વાર્થ આપવાથી મનમાં સંતોષ અને શાંતિનો અનુભવ થાય છે. માણસ જ્યારે 'મારા'માંથી બહાર આવી 'આપણા' તરફ આગળ વધે છે ત્યારે તે આંતરિક રીતે સમૃદ્ધ બને છે. કદાચ એટલા માટે જ આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે દાનથી મન શુદ્ધ થાય છે.

ભારતીય સંસ્કૃતિમાં દાન કોઇ એક દિવસ કે પ્રસંગ સુધી મર્યાદિત નથી. દાનને સમય, પરિસ્થિતિ અને સંવેદનાની સાથે જોડાયેલ જીવનમૂલ્ય તરીકે જોવામાં આવે છે. મકરસંક્રાંતિ, દીપાવલી, હોળી, રક્ષાબંધન, ગૌરીવ્રત, અક્ષય તૃતીયા, ચંદ્ર-સૂર્યગ્રહણ, અમાસ-પૂનમ, તીર્થસ્નાન, યજ્ઞ-હવન, કથા-પૂજા પૂર્ણાહૂતિ, જન્મોત્સવ, નામકરણ, ઉપનયન, લગ્ન, ગૃહપ્રવેશ, શ્રાદ્ધ-પિતૃપક્ષ, સંકટ, આપત્તિ, દુઃખના સમયે, રોગ-ગરીબી- અસમર્થતા સમયે દાન કરવાનું જણાવાયું છે. વ્યવહારિક રીતે દાન જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ બને છે - ભોજન, શિક્ષણ, આરોગ્ય કે સુરક્ષા. આ સહાય વ્યક્તિને ફરી સ્વાવલંબન તરફ આગળ વધવા માટેનો આધાર પૂરો પાડે છે. માનસિક રીતે દાન સ્વીકારનારના મનમાં કૃતજ્ઞતા અને વિશ્વાસની ભાવના જન્મે છે, જે આગળ જઇને તેને પણ બીજાને મદદ કરવા પ્રેરિત કરે છે. આ રીતે દાન એક સકારાત્મક પરંપરા બની જાય છે. જેઓ પાસે વધારે છે, તેઓ ઓછું ધરાવનાર સાથે વહેંચે- એ જ સમાજનો આધારસ્તંભ છે. **દાનનો મહિમા એટલા માટે છે કે તે માનવને માનવ બનાવે છે.**




## કેસ - 1 (ઈ.સ. 2004)

શહેરના ઔદ્યોગિકીકરણના કારણે અનેક રાજ્યોમાંથી મજૂરી કરવા લોકો સ્થળાંતર કરી સુરતમાં આવી વસતા હોય છે. આવા વિસ્તારોમાં નાની નાની બાળકીઓ પર બળાત્કારના કેસીસનું પ્રમાણ વધતું જોવા મળતાં, આવા જ એક વિસ્તારની મુલાકાતે જવાનું થયું. ભોગ બનેલ બાળા વિશે તથા દુષ્કૃત્ય કરનાર વિશે રીસર્ચ કરવા હેતુ ત્યાંના સ્થાનિક અડોશપડોશને મળવા ગયા. એક 25-30 વર્ષની સ્ત્રીએ નાનકડી ખોલીની બારીમાંથી ડોકિયું કરી વાત શરૂ કરી. તેને બહાર આવવા વિનંતી કરતાં, તેણી દોરી પરથી ઘસાઈ ગયેલો કપડાનો ચીરો ખેંચી શરીરે વીંટાળી બહાર આવી. તેની સાથે ત્રણ વર્ષની બાળકી હતી જેના શરીર પર એક પણ વસ્ત્ર નહોતું. તેની સાથે વાત કરતાં જાણ થઇ કે તેની પાસે પહેરવા માટે કપડાં જ નહોતાં અને તે ખરીદી શકે એવી વ્યવસ્થા પણ ન હતી. જેથી તે ઘરમાં જ રહેતી અને જરૂર પડ્યે પેલો કપડાનો ચીરો વીંટાળી બહાર આવતી. અમે તેને સજાગ કરી કે આવી નાની બાળકીઓ પણ નિર્વસ્ત્ર ફરે છે એટલે તે જલ્દીથી દુષ્કર્મનો ભોગ બને છે. તેણીનો જવાબ ખૂબ સરળ હતો. ''મારી જેમ એને પણ ખોલીમાં પૂરીને ન રાખી શકું. તે રમવા તો બહાર આવશે જ અને એના જેવી ઘણી બાળકીઓ નિર્વસ્ત્ર જ ફરે છે.'' આ સાંભળી એક ભદ્ર સમાજની સેવિકા તરીકે મને મારા પર ધિક્કાર થયો. સમાજમાં ગરીબી-આપત્તિ-જરૂરિયાત હોય તો, સાધન સંપન્ન-સમૃદ્ધ-સુખી પરિવારની જવાબદારી હોય કે તેઓએ મદદનો હાથ લંબાવવા આગળ આવવું જોઇએ. જ્યારે ભદ્ર સમાજ પોતાની જવાબદારી ચૂકે છે ત્યારે સમાજમાં અસંતુલનની સાથે જ માનવતાની હત્યા થાય છે. જ્યાં આરોપી સ્વયં ભૂખમરા, આર્થિક-માનસિક - સામાજિક-શારીરિક મૂળભૂત જરૂરિયાતના અભાવથી પીડિત હતો. જેનામાં પોલીસની એક થપ્પડ સહન કરવાની પણ ક્ષમતા ન હતી, તેણે પોતાનાથી નબળી એવી બાળકીને ભોગ બનાવી પોતાના અભાવભર્યા જીવનમાં કંઇક મેળવવા ક્રૂર પ્રયત્ન કર્યો હતો. અહીં સમાજ તરીકે આપણે અસફળ રહ્યા કે આપણા જ સમાજમાં રહેતા માનવોની મૂળભૂત જરૂરિયાતો પૂરી ન કરી શક્યા કે સમજી ન શક્યા. અને ત્યાંથી શરૂ થયું અ.નિ.સ. (અપમૃત્યુ નિવારણ સહાય) સંસ્થાનું 'સમાજ કી અલમારી' અભિયાન. જે હેઠળ, સુખી પરિવારના લોકોના ઘરેથી તેઓએ પહેરેલાં પરંતુ પહેરવા યોગ્ય હોય એવાં વસ્ત્રોને વ્યવસ્થિત ઇસ્ત્રી કરી પ્લાસ્ટિક બેગમાં પેક કરી એકઠાં કર્યાં અને જરૂરિયાતમંદ વસાહતોમાં તેનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્ય કરવા યુવાશક્તિને કામે લગાડી. આ દાનથી કોનું? કેવી રીતે જીવન બદલાય છે એ વાસ્તવિકતા જોઇને યુવાઓ પ્રેરિત થઇ સમાજ સાથે જોડાયા. જેનો લાભ ફક્ત જરૂરિયાતમંદોને જ નહીં પરંતુ યુવાઓને અને સમાજને પણ થયો. આવા દાનથી યુવાઓમાં આત્મવિશ્વાસ, આનંદ, આંતરિક સંતોષ વધતો જોવા મળ્યો. તેઓની સહાનુભૂતિ, ટીમવર્ક અને નેતૃત્વ ક્ષમતાનો વિકાસ થવા લાગ્યો. અહંકાર ઓગાળી, જવાબદારીની ભાવના અને મૂલ્ય આધારિત જીવન તરફ જવા લાગ્યા. કદાચ એટલે જ, ભારતીય સંસ્કૃતિમાં દાન (આપવા)નું મહત્ત્વ સમજાવી પરંપરારૂપે આગળ વધારવા કહ્યું છે. આપવાની આદત ધરાવતા યુવાઓ આગળ જઇને સંવેદનશીલ નાગરિક, સારા નેતા અને વિશ્વાસપાત્ર માનવ બને છે. **યુવાઓને દાન શીખવવું એટલે ભવિષ્યને માનવતા શીખવવી.** યુવાઓએ આ વિસ્તારમાં ફક્ત વસ્ત્રોનું દાન ન કર્યું પરંતુ જાગૃતિ અભિયાન પણ શરૂ કર્યાં. જે થકી નાની બાળકીઓની સુરક્ષા માટે અડોશ-પડોશ, માબાપ, આંગણવાડી કાર્યક્રમો કર્યા.

## કેસ:2 (ઈ.સ. 2016)

શહેરમાં રોડ-પુલ કે અન્ય બાંધકામ માટે કોન્ટ્રાક્ટર જે પરિવારોને મજૂરી કરવા બોલાવે છે, તે પરિવારો વણઝારા જેવું જીવન જીવતા હોય છે, જ્યાં કામ ચાલે ત્યાં જવું અને પૂર્ણ થાય એટલે બીજા શહેરમાં જવું. તેઓનું કાયમી ઠેકાણું નથી હોતું. રસ્તા-ફૂટપાથ, પુલ નીચે કામચલાઉ ઘર ઊભું કરી પરિવાર વૃદ્ધિ પણ ત્યાં જ કરવી. તેઓ કદી મેડિકલ મદદ માટે જતા નથી કે તેમનાં બાળકો સ્કૂલે જતાં નથી. એક વાર અમે પુલની નીચે રહેતાં તમામ બાળકોને એકઠાં કર્યાં. તેઓને રમતગમત રમાડી, ગિફ્ટ આપી, સ્વચ્છતા શીખવી, સ્વચ્છતા કીટ આપી, જે નિરંતર રોજ બે કલાક ચાલુ રાખ્યું. પરિણામે તેઓ અમારી સાથે સંવાદ કરવા લાગ્યા. જે દ્વારા જાણવા મળ્યું કે એક 15 વર્ષના છોકરાને સીક્યોરિટીએ માર મારેલો. કારણ પૂછતાં જણાવ્યું કે તેણે VR મોલ અંદરથી જોવો હતો. સીક્યોરીટીએ અંદર જવા ન દીધો એટલે દીવાલ કૂદીને જતાં પકડાઇ ગયો અને માર પડયો. અમે તમામ બાળકોને તેમની ઇચ્છા પૂછી, તો કોઇકે ફુગ્ગો ખરીદવાની, પોપકોર્ન ખાવાની, મુવી જોવાની, રમકડાં રમવાની, હોટલમાં ખાવાની, નવાં કપડાં પહેરવાની, બુક વાંચવાની, સ્કૂલ જવાની, બૂટ મોજા પહેરવાની, રમકડાંની ગાડી ખરીદવાની, BRTS બસમાં બેસવાની, કારની સવારી કરવાની જેવી ઇચ્છાઓ પ્રગટ કરી. આમ જોવા જઇએ તો આપણા સૌ માટે આ કોઇ મોટી વાત નહોતી પરંતુ તેઓ માટે જીવનનું સપનું હતું અને ત્યાંથી થઇ 'બચ્ચોં કી દુનિયા' અભિયાનની શરૂઆત. બાળકો ખૂબ જલ્દીથી મોટાં થતાં હોય છે એટલે તેમનાં કપડાં, ચોપડા, બૂટ-ચંપલ, ગેમ્સ, રમકડાં બધું જ જલ્દીથી બદલવું પડતું હોય છે. અમારી યુવા ટીમે આવાં બાળકો પાસે મેળવેલ વસ્તુઓને જરૂરિયાતમંદ બાળકો સુધી પહોંચાડી, અનાથ-નિઃસહાય બાળકોમાં નવી આશા અને વિશ્વાસ જગાડયો. દાનને ઘણી વાર એકતરફી કૃપા તરીકે જોવામાં આવે છે પરંતુ વાસ્તવમાં દાન એ બે તરફથી સમૃદ્ધિ લાવતી પ્રક્રિયા છે. દાન આપનાર માટે માત્ર વસ્તુ આપવાની નહીં પરંતુ અહંકાર છોડવાની પ્રક્રિયા છે. જ્યારે દાન સ્વીકારનાર માટે માત્ર સહાય નહીં પરંતુ આશા અને વિશ્વાસનો સંદેશ બને છે. જ્યારે સહાય સન્માનપૂર્વક મળે છે ત્યારે સ્વીકારનારનું આત્મસન્માન જળવાય છે અને હિંમત વધે છે. તેમ જ આગળ વધવા માટેનો આધાર પૂરો પડે છે. જે આગળ જઇને બીજાને મદદ કરવા પ્રેરિત કરે છે. દાન બંનેને માનવ બનાવે છે. આપનારને મળે છે સંતોષ, સ્વીકારનારને મળે છે સંભાવના અને સમાજને મળે છે સંતુલન. દાન એટલે સુખ-ખુશી-આનંદને સમાજ સાથે વહેંચવાની પ્રક્રિયા. આજે કેટલાંય બાળકો નાની નાની ઇચ્છાપૂર્તિ થકી સમાજની સાથે સકારાત્મક ઊર્જા સાથે જોડાય છે.

Instagram@gita.shroff